*DEE-004-001114*

# DEE-004-001114

**D**

## B. Ed. (Sem. I) (CBCS) Examination

**May / June – 2015**

## SSC-1 : Gujarati Content

**Faculty Code : 004**
**Subject Code : 001114**

Time : $1\frac{1}{2}$ Hours] [Total Marks : **70**

***પરીક્ષાર્થીઓને સૂચના***

૧. પ્રત્યેક MCQ ઉત્તરવહીના પ્રથમ પાના ઉપર પરીક્ષાર્થીએ બેઠક ક્રમાંક/પરીક્ષા કેન્દ્ર અને પરીક્ષાની તારીખ પોતાની સહી સાથે લખવાની રહેશે.

૨. પરીક્ષાર્થીને MCQ પ્રશ્ન પ્રકારનો પ્રશ્નપત્ર આપવામાં આવેલ છે. જે નિયત સમય મર્યાદામાં પૂર્ણ કર્યા બાદ ખંડ નિરીક્ષકને MCQ ઉત્તરવહી સુપરત કરવાની રહેશે.

૩. તમારી ઉત્તરવહીના કોઈ પણ ભાગમાં તમારું નામ અથવા નંબર લખવો નહીં (નિર્દિષ્ઠ જગ્યા સિવાય) અથવા પોતાની ઓળખ છતી થાય તેવી કોઈ નિશાની કરવી નહીં.

૪. તમોને આપેલી MCQ ઉત્તરવહી, પરીક્ષા ખંડ છોડતા પહેલાં ખંડ નિરીક્ષકને સુપરત કરવી.

૫. લેખનસામગ્રી, ગણિતનાં સાધનો કે એવી કોઈ પણ ચીજની કોઈ પણ બીજા પરીક્ષાર્થી સાથે આપ-લે કરવાની સખત મનાઈ છે.

૬. પ્રશ્નપત્રો વહેંચાઈ ગયા પછી ૩૦ મિનિટ સુધી અને પરીક્ષાના સમયની છેલ્લી ૧૦ મિનિટ દરમિયાન તમોને કોઈ પણ સંજોગોમાં પરીક્ષા ખંડની બહાર જવા દેવામાં આવશે નહીં.

૭. જો તમો

(અ) પરીક્ષા સમય દરમિયાન પરીક્ષા ખંડમાં તમારી સાથે કોઈ પણ પુસ્તક અથવા કોઈ પણ પ્રકારના લખાણ કે નોંધવાળી કાગળની કાપલી કે વસ્તુ લાવશો અગર,

- પરીક્ષા ચાલુ હોય ત્યારે બીજા પરીક્ષાર્થી સાથે વાત કરશો કે કોઈ પણ રીતે સંદેશો મોકલવા વ્યવહાર કરશો અગર,
- બીજી કોઈ પણ જાતની ગેરરીતિ કરશો અથવા ગેરરીતિ કરવાનો પ્રયત્ન કરશો અગર,
- પરીક્ષા પૂરી થયા બાદ પરીક્ષાખંડ છોડતી વખતે તમોને આપેલી તમારી કોઈ પણ લખેલી કે કોરી ઉત્તરવહીઓ સાથે લઈ જશો કે પરીક્ષાખંડમાં આમ કરવાના ઈરાદાથી કોઈ પ્રવૃત્તિ કરશો તો શિક્ષાને પાત્ર બનશો તથા તમને પરીક્ષામાંથી ઉઠાડી મૂકવામાં આવશે અને તમારા વિષે તેનો યુનિવર્સિટીને તાત્કાલિક રિપોર્ટ કરવાનો નિરીક્ષકને અધિકાર છે.

(બ) જે પરીક્ષાર્થી મુખ્ય કે અન્ય નિરીક્ષકની સૂચનાનો અનાદર કરશે કે ઉદ્ધત અથવા અયોગ્ય વર્તન પરીક્ષાખંડમાં દાખવશે અથવા નિયમોનો ઈરાદાપૂર્વક ભંગ કરશે તે શિક્ષાને પાત્ર બનશે અને મુખ્ય નિરીક્ષક તેને પરીક્ષામાંથી તાત્કાલિક ઉઠાડી મૂકી શકશે.

(ક) ઉપર જણાવ્યા પ્રમાણેની તેમજ યુનિવર્સિટીના ઓર્ડિ. માં દર્શાવેલી ગેરરીતિ જો કોઈ પરીક્ષાર્થી આચરશે તો તે પરીક્ષાર્થીને મુખ્ય નિરીક્ષક પરીક્ષા ખંડમાંથી બહાર મોકલી શકશે.

(ડ) પરીક્ષાખંડમાં મોબાઈલ ટેલિફોન કે પેજર જેવાં સાધનો લાવશો તો મુખ્ય નિરીક્ષક આ સાધનોને જપ્ત કરી શકશે.

૮. પરીક્ષાનો સમય પૂરા થવાની ૧૦ મિનિટ અગાઉ સંકેતનો ઘંટ વાગશે ત્યારે તમો લખવાનું બંધ કરી તમારી ઉત્તરવહીઓ તમારા ખંડના નિરીક્ષકને સુપરત કરવા તૈયાર રહેશો. જ્યાં સુધી નિરીક્ષક બધાની ઉત્તરવહીઓ એકઠી કરી લે નહીં ત્યાં સુધી તમારે તમારી બેઠક છોડવી નહીં.

***Instructions to Candidates***

1. The candidate will have to write his seat number/centre of examination and date of examination along with his/her signature on the first page of each MCQ answer sheet.
2. The candidate is supplied with MCQ question paper, which he will have to complete in given fixed time and will have to submit the MCQ Answer Sheet to the block supervisor.
3. You should not write your name or number in any part of your Answer Sheet (except specifid space) OR you should not put any sign whereby you identity can be made out.
4. The MCQ Answer Sheet given to you should be submitted to block supervisor before leaving the examination block.
5. The exchange of writing material, tools of mathematics and such similar things with other students is strictly prohibited.
6. Up to 30 minutes after distribution of question papers and in last 10 minutes of the examination time you will not be allowed to go outside the block under any circumstances.
7. If you
   (a) Will bring any textbook or any type of writing or any strip of paper with notes or any other thing in the examination hall with you during the examination time. OR
   - Talk with other candidate during examination or try to send message by any means or do any communication OR will do any type of mal practice or will attempt for any mal practice. OR
   - Will carry your any written answer books or blank answer book with you while leaving the examination hall after completion of examination. OR will do any activity with intention of doing so, you will be liable to punishment or you will be expelled from the examination the supervisor has the right to send immediately the report to the University.

   (b) The candidate who will disobey the instructions given by chief or other supervisor OR will show rude or inappropriate behaviour in the examination hall, the supervisor will immediately debar the candidate from the examination.
   (c) If any candidate does any of the above mentioned mal practices or as mentioned in the Ord. of University, the chief supervisor will send the candidate out of the examination hall.
   (d) The chief supervisor will seize the instruments like mobile telephone or pager if you bring in the hall.
8. 10 minutes before the completion of examination an indicative bell will ring. You should stop writing at that time you become ready to submit your answer books to your block supervisor. You should not leave your seat until the supervisor does not complete the collection of all the answer books.

૧ ૧૯૬૯ના વર્ષનો દિલ્લી સાહિત્ય અકાદમીનો એવૉર્ડ આનંદ સ્વામીના કયા ગ્રંથને મળ્યો હતો ?

(A) ધરતીનું લૂણ

(B) કુળ કથાઓ

(C) ગાંધીજીનાં સંસ્મરણો

(D) સંતોના અનુજ

૨ સુશિમાને એના પિતાજી શું કહીને બોલાવે છે ?

(A) 'મેરી વહાલી મુન્ની'

(B) 'ગુડ્ડો મેરી અચ્છી'

(C) 'મેરી પ્યારી ગુડ્ડો'

(D) 'મેરી પ્યારી સુશિમા'

૩ એવો પુત્ર હોય તો **ઈકોતેર** પેઢી તારે - રેખાંકિત વિશેષણનો પ્રકાર જણાવો.

(A) સાર્વનામિક

(B) સ્વાદવાચક

(C) સંખ્યાવાચક

(D) પરિમાણવાચક

૪ 'હજી મારા દેશે' કાવ્યનો કાવ્ય પ્રકાર જણાવો.

(A) ગીત

(B) ગઝલ

(C) ઊર્મિકાવ્ય

(D) સૉનેટ

૫ નીચેનામાંથી કયા રૂઢિપ્રયોગનો અર્થ યોગ્ય નથી ?

(A) દમ વગરનું હોવું - તાકાત ન હોવી

(B) બેડો પાર થઈ જવો - સફળ થવું

(C) પ્રાણ પાથરવા - પ્રાણની ભીખ માગવી

(D) ઢીલા પડવું - હિંમત હારી જવી

૬ રાઘવન શેનાથી પરાજિત થઈ ગયો ?

(A) સહકાર્યકારોની લાગણીથી

(B) શેઠના આત્મવિશ્વાસથી

(C) માતા-પિતાના સહકારથી

(D) પ્રિન્સિપાલના વર્તનથી

૭ સાચી જોડણી દર્શાવો.

(A) આર્સીવાદ

(B) આશીરવાદ

(C) આશીર્વાદ

(D) આર્શીવાદ

૮ નીચેનામાંથી નિર્દેશાર્થ વાક્ય દર્શાવો.

(A) દરેક વિદ્યાર્થીએ શિસ્તનું પાલન કરવાનું રહેશે.

(B) હવે પાટલા પર બેસો.

(C) કાલે શાળામાં રજા રહેશે.

(D) અમારો સ્વભાવ આકરો છે.

૯ ઈન્દ્રગોપ એટલે શું ?

(A) ઈન્દ્રનો ગોવાળ

(B) શ્રીકૃષ્ણનો ગોવાળ

(C) લાલ મખમલ ઓઢેલી સુંવાળી ગોકળગાય

(D) ગોકુળનો ગોપબાળ

૧૦ 'વિશ્રાંતિ' શબ્દના સાચી રીતે છૂટાં પાડેલાં સ્વર-વ્યંજનો દર્શાવો.

(A) વ્ + ઇ + શ્ર્ + આ + ન્ + ત્ + ઈ

(B) વ્ + ઇ + સ્ + ર્ + આ + ન્ + ત્ + ઇ

(C) વ્ + ઇ + શ્ + ર્ + આ + ન્ + ત્ + ઇ

(D) વ્ + ઇ + શ્ + ર્ + ન્ + આ + ત્ + ઇ

૧૧ પરગ્રહવાસીઓ પૃથ્વી પર કઈ ધાતુ મેળવવા જાસાચિઠ્ઠી મોકલવાના હતા ?

(A) ચાંદી માટે

(B) યુરેનિયમ માટે

(C) સોના માટે

(D) પેટ્રોલિયમ માટે

૧૨ 'અરે, આ વગર દિવાળીએ રૉકેટ કોણે ફોડ્યું વળી!' - આ વાક્ય કોણ બોલે છે ?

(A) વલય

(B) વિસ્મય

(C) વિરાટ

(D) વિનય

૧૩ 'બાનો વાડો' લેખકના કયા સંગ્રહમાંથી લેવામાં આવ્યો છે ?

(A) ઘાસનાં ફૂલ

(B) ગાતાં ઝરણાં

(C) તણખાં

(D) લીલાં પર્ણ

૧૪ બાનાં જીવનસ્ત્રોત વિશે વિચારતાં, સર્વમાં મોખરે મૂકી શકાય તેવી બાબત કઈ હતી ?

(A) વાડાની

(B) મોટાભાઈના જીવન અંગેની

(C) સંતાનો અંગેની

(D) બાના ભૂતકાળની

૧૫ 'માલમ હલેસાં માર' લોકગીતમાં કોના સંબંધનાં મીઠાં સંસ્મરણો છે ?

(A) ભાભી-દિયરનાં

(B) ભાઈ-ભાભીનાં

(C) ભાઈ-બહેનનાં

(D) દિયર-પદમણી નારનાં

૧૬ કયું વિરુદ્ધાર્થી જોડકું સાચું નથી ?

(A) કમાવું × ઉડાવવું

(B) સુમતિ × કુમતિ

(C) જવું × ગમન

(D) સાર × અસાર

૧૭ શુદ્ધ જોડણી શોધો

(A) જીજ્ઞાસા

(B) જિજ્ઞાશા

(C) જીજ્ઞાશા

(D) જિજ્ઞાસા

૧૮ કાકાસાહેબ કાલેલકરના પિતાશ્રી કયા રાજ્યના ટ્રેઝરી ઑફિસર હતા ?

(A) પૂણે

(B) સાંગલી

(C) વર્ધા

(D) નાસિક

૧૯ 'જીવન પાથેય' કૃતિનો સાહિત્ય પ્રકાર જણાવો.

(A) આત્મકથા

(B) નવલકથા

(C) નિબંધ

(D) એકપણ નહીં

૨૦ 'એક કંગાલ પર ઈતની રહમ કરો' - આ વાક્ય કોણ બોલે છે ?

(A) લેખક

(B) કંગાળ સ્ત્રી

(C) ભીખુ

(D) દુકાનદાર

૨૧ 'ભીખુ' વાર્તાના લેખક કોણ છે ?

(A) કાકા કાલેલકર

(B) પન્નાલાલ પટેલ

(C) ધૂમકેતુ

(D) પ્રવીણ દરજી

૨૨ જે ન જોઈતું હોય છતાં વધારે મળે છે માટે તે વાપરવું - તેમાં ગાંધીજી શું જોતાં હતાં ?

(A) અહિંસા

(B) હિંસા

(C) અપરિગ્રહ

(D) કસોટી

૨૩ ઊંચેથી આરપાર ______________ આકાશ હવે ઊતરશે ધોધમાર હેઠું - ખાલી જગ્યા પૂરો.

(A) ખરતું

(B) સરતું

(C) ઊતરતું

(D) ગાજતું

૨૪ ઈ.સ.૧૯૪૭ની ૩૦મી માર્ચે ગાંધીજીને કયા વાઈસરોયને પહેલ વહેલું મળવાનું થયું ?

(A) લૉર્ડ કિપ્લિંગને

(B) લૉર્ડ ડેલહાઉસીને

(C) લૉર્ડ માઉન્ટબેટનને

(D) લૉર્ડ ક્લાઈવને

૨૫ 'રાનમાં' કાવ્યના કવિનું નામ શું છે ?

(A) ધ્રુવકુમાર ભટ્ટ

(B) મોહન ભટ્ટ

(C) ઉશનસ્

(D) સ્નેહરશ્મિ

૨૬ મનુબહેન ગાંધીનો જન્મ ક્યાં થયો હતો ?

(A) દિલ્હી

(B) કરાંચી

(C) મુંબઈ

(D) પોરબંદર

૨૭ મહાદેવ 'ખાઈ જવાની' એવું કોને જોઈને બોલી ઊઠે છે ?

(A) ગાયને

(B) ભેંસને

(C) બળદને

(D) ગધેડાંને

૨૮ તરિયા તોરણમાં કયા વૃક્ષનાં પાનનો સમાવેશ થતો નથી ?

(A) આસોપાલવ

(B) આંબો

(C) નાળિયેર

(D) કેળ

૨૯ પન્નાલાલ પટેલ 'આ પા કે પેલી પા' કહેવતનો શો અર્થ કરે છે ?

(A) બધી બાજુ નમવું

(B) કોઈ પણ પ્રકારની પરિસ્થિતિને પહોંચવા તૈયાર રહેવું

(C) બે બાજુ નમવું

(D) એક બાજુ નમવું

૩૦ 'પરીક્ષા' પાઠની શરૂઆતમાં લેખકે કઈ ઋતુનું વર્ણન કર્યું છે ?

(A) શિશિર

(B) ગ્રીષ્મ

(C) વસંત

(D) પાનખર

૩૧ ‘બજારમાં’ ચિત્રપાઠમાં દર્શાવેલી બાબતોમાંથી ખરેખર કોને સૌથી વધુ મહત્ત્વ આપવું જોઈએ ?

(A) અકસ્માતને

(B) ખરીદીને

(C) ફરવાને

(D) ખાવાપીવાને

૩૨ ‘એક જ દે ચિનગારી’ કાવ્યનો સાહિત્ય પ્રકાર જણાવો.

(A) લોકગીત

(B) સૉનેટ

(C) પ્રાર્થનાગીત

(D) ઊર્મિગીત

૩૩ રોજ સવારે જુમો કેટલા વાગ્યે પાણી ભરવા જતો હતો ?

(A) ચાર વાગ્યે

(B) પાંચ વાગ્યે

(C) છ વાગ્યે

(D) આઠ વાગ્યે

૩૪ ‘સ્મરણ-સ્મરણ તે તીરથ : તારી એમ કરું પરકમ્મા’ - પંક્તિ કયા કાવ્યની છે ?

(A) ‘એક જ દે ચિનગારી’

(B) ‘આ જ આનંદ’

(C) ‘તને ઓળખું છું, માં’

(D) ‘ધૂળિયે મારગ’

૩૫ ગુજરાતની સ્થાપના થઈ ત્યારે રાજ્યનું પાટનગર કયું હતું ?

(A) રાજકોટ

(B) પાટણ

(C) અમદાવાદ

(D) ગાંધીનગર

૩૬ 'તને ઓળખું છું, માં' ગીતમાં કવિએ વિનમ્રભાવે શેનો સ્વીકાર કર્યો છે ?

(A) શરાફનાં ઋણનો

(B) માતા-પિતાનાં ઋણનો

(C) દાદા-દાદીનાં ઋણનો

(D) માતાનાં ઋણનો

૩૭ શબ્દકોશ મુજબ કયો ક્રમ સાચો છે ?

(A) ખેતર, પ્રેત, આંક, સોનું, નોટ, માનવી

(B) આંક, ખેતર, નોટ, પ્રેત, માનવી, સોનું

(C) નોટ, પ્રેત, સોનું, માનવી, ખેતર, આંક

(D) સોનું, નોટ, માનવી, પ્રેત, આંક, ખેતર

૩૮ મકરન્દ દવેએ જીવનના કેવા મારગને ધૂળિયો મારગ કહ્યો છે ?

(A) સાદા અને સાત્ત્વિક

(B) વૈભવી

(C) સુખ દુઃખનો

(D) ગરીબ

૩૯ 'ધૂળિયે મારગ' કાવ્ય કયા સંગ્રહમાંથી લેવામાં આવ્યું છે ?

(A) ગુંજારવ

(B) ગુંજન

(C) ગુલાલ

(D) ગુલાલ અને ગુંજાર

૪૦ 'દેશભક્ત જગડુશા' પાઠમાં કયા શહેરની વાત કરવામાં આવી છે ?

(A) જામનગર

(B) ભાવનગર

(C) પાટણ

(D) ગોંડલ

૪૧ 'દુકાળ' - શબ્દનો વિરુદ્ધાર્થી શબ્દ જણાવો.

(A) સુકાળ

(B) ભૂકંપ

(C) દુષ્કાળ

(D) અનાવૃષ્ટિ

૪૨ નીચેનામાંથી કયો શબ્દ સમાનાર્થી નથી ?

(A) અતિથિ

(B) સ્વાગત

(C) આવકાર

(D) સત્કાર

૪૩ લોકોમાં આનંદ વ્યાપ્યો છે, કારણ કે...

(A) મહેમાન આવવાના છે.

(B) આકાશમાં વાદળો ઉમટ્યાં છે.

(C) વરસાદ થંભી ગયો છે.

(D) વરસાદ પડી રહ્યો છે.

૪૪ 'ખોટી વાત, આજ કોનો દી' ફર્યો છે ? - વાક્યમાં કયો ભાવ રજૂ થયો છે ?

(A) ગર્વ

(B) આશ્ચર્ય

(C) જિજ્ઞાસા

(D) દિલેરી

૪૫ 'દીકરાનો મારનાર' - કૃતિના કર્તા કોણ છે ?

(A) સ્વામી સચ્ચિદાનંદ

(B) ઝવેરચંદ મેઘાણી

(C) રમણલાલ સોની

(D) ધૂમકેતુ

૪૬ 'ચારણ ચીસ પાડી ઊઠ્યો' વાક્યને કર્મણિ વાક્યમાં ફેરવો.

(A) ચારણ ચીસ પાડી ઊઠે છે.

(B) ચારણથી ચીસ પાડી ઊઠાઈ.

(C) ચારણથી ચીસ પડાઈ ઊઠી.

(D) ચારણ વડે ચીસ પાડી ઊઠી.

૪૭ પરમહંસ આશ્રમનું સંચાલન કોણ કરતું હતું ?

(A) સ્વામી આનંદ

(B) સ્વામી હીરગિરિજી

(C) સ્વામી વીરગિરિજી

(D) સ્વામી બીરગિરિજી

૪૮ સ્વામી સચ્ચિદાનંદજી કોના આશ્રમમાં ભણવા માટે ગયા ?

(A) શ્રોત મુનિના

(B) વિરજાનંદના

(C) સહજાનંદના

(D) પરમહંસના

૪૯ બંને સ્વરધ્વનિ જોડાતાં કયા પ્રકારની સંધિ બને ?

(A) વ્યંજન સંધિ

(B) સ્વર સંધિ

(C) વિસર્ગ સંધિ

(D) એકપણ નહીં

૫૦ 'ગ્રીન સિટી' એટલે શું ?

(A) લીલાંછમ વૃક્ષો

(B) લીલુંછમ મેદાન

(C) હરિયાળું નગર! (લીલુંછમ શહેર!)

(D) હરિયાળું વન

૫૧ 'હજી મારા દેશે' - કાવ્યમાં શેનું વર્ણન છે ?

(A) વરસાદનું

(B) ઠંડીનું

(C) દયનીય સ્થિતિનું

(D) તડકાનું

૫૨ 'વિશાળ જગ વિસ્તારે' - પદ્ય કયા ખંડકાવ્યનો અંશ છે ?

(A) ચંદન

(B) આરઝૂ

(C) વિશ્વશાંતિ

(D) મેઘધનુષ

૫૩ રડે છે.................., દૂઝે છે દિલદુઃખડાં; - પંક્તિ પૂર્ણ કરો.

(A) ભારતમાતા

(B) પ્રકૃતિમાતા

(C) ધરતી માતા

(D) એકપણ નહીં

૫૪ કવિ મનસુખલાલ ઝવેરીનો જન્મ ક્યાં થયો હતો ?

(A) જામનગરમાં

(B) ગોધરામાં

(C) દાહોદમાં

(D) રાજપીપળામાં

૫૫ 'નથી મારું ત્રાગું' - એમ કહેવા પાછળ કવિ સુંદરજી બેટાઈનો શો આશય છે ?

(A) જીદ કરીને કોઈ પણ વસ્તુ મેળવવી નથી.

(B) ક્રોધ કરીને કોઈ પણ વસ્તુ મેળવવી નથી.

(C) છળકપટથી કોઈ પણ વસ્તુ મેળવવી નથી.

(D) ખોટું બોલીને કોઈ પણ વસ્તુ મેળવવી નથી.

૫૬ 'સફળ યાત્રા' કાવ્યના કવિ કોણ છે ?

(A) સુંદરમ્

(B) પૂજાલાલ

(C) ઉમાશંકર જોષી

(D) કૃષ્ણલાલ શ્રીધરાણી

૫૭ 'હાજી કાસમ, તારી વીજળી રે!' કાવ્ય શેમાંથી લેવામાં આવ્યું છે ?

(A) 'ડુંગરે દીધો સાદ'માંથી

(B) 'નવરંગ ચૂંદડી'માંથી

(C) 'રઢિયાળી રાત'માંથી

(D) 'અભિસાર'માંથી

૫૮ 'હજ કરીને આવેલ મુસ્લિમ' - શબ્દ સમૂહ માટે એક શબ્દ લખો.

(A) મૌલવી

(B) હાજી

(C) કાજી

(D) પીરબાબા

૫૯ 'ગોવર્ધનગિરિધારણ' કાવ્યમાં પ્રેમાનંદે શેનું વર્ણન કર્યું છે ?

(A) રાસલીલાનું

(B) અતિવૃષ્ટિનું

(C) અનાવૃષ્ટિનું

(D) વન મહોત્સવનું

૬૦ નીચે આપેલાં નામોમાંથી કયું નામ સ્ત્રીલિંગ નથી ?

(A) દિશા

(B) જેષ્ટિકા

(C) ગોપ

(D) જામિની

૬૧ ત્યારે હરિએ હાથ કરી લીધો, સૌ કો'માં શિરોમણિ કીધી. - વાક્યમાં સાચા પ્રત્યયો દર્શાવો.

(A) રે, રી

(B) એ, રી

(C) એ, માં

(D) ઓ, માં

૬૨ કૃષ્ણે કૃપા કરીને વાંસળીને ક્યાં સ્થાન આપ્યું ?

(A) અન્ય વાંજિત્રોમાં

(B) ઘરમાં

(C) માથા પર

(D) અધર પર

૬૩ '<u>જળ</u> રે પીધાનો દોષ' - રેખાંકિત સંજ્ઞાનો પ્રકાર જણાવો.

(A) વ્યક્તિ વાચક

(B) જાતિ વાચક

(C) દ્રવ્ય વાચક

(D) સમૂહ વાચક

૬૪ દયારામે 'ઓ વ્રજનારી' પદમાં કયા અલંકારોનો ઉપયોગ કર્યો છે ?

(A) ઉપમા

(B) વર્ણાનુપ્રાસ

(C) અંત્યાનુપ્રાસ

(D) સજીવારોપણ

૬૫ મીરાંને મન તેના સસરા શું છે ?

(A) દિલાવર

(B) પ્રેમ-સંતોષ

(C) રાજવી

(D) અભિમાની

૬૬ કવિ નરસિંહ મહેતાએ શાનો વેપાર માંડ્યો છે ?

(A) શાકભાજીનો

(B) મરીમસાલાનો

(C) રામનામરૂપી વસાણાનો

(D) કાપડનો

૬૭ જીવરામ ભટ્ટે કયો ગ્રંથ રચ્યો છે ?

(A) જીવરામ- ગ્રંથાવલિ

(B) જ્ઞાતિનિબંધ

(C) જીવરામ - વિનોદ

(D) જીવરામ કાવ્ય

૬૮ નીચેના શબ્દોમાંથી સાચી જોડણી શોધો.

(A) મિસ્ટાન

(B) મિષ્ટાન્ન

(C) મીષ્ટાન

(D) મિસ્ટાન્ન

૬૯ ૨૨મી ડિસેમ્બર, ૧૯૪૨ના દિવસે કયો બનાવ બન્યો હતો ?

(A) 'હિંદ છોડો' આંદોલનનો

(B) હડતાલનો

(C) બૉમ્બ ફૂંકવાનો

(D) લાઠીચાર્જનો

૭૦ 'તમારા મંત્રીઓની મહેનત ધૂળમાં મળશે' એમ મુંજાલને કોણે કહ્યું હતું ?

(A) ચેદિરાજ કીર્તિવર્માએ

(B) કનોજના અધિપતિએ

(C) એક જતિએ

(D) સપાદલક્ષે

## રફ કામ માટેની જગ્યા